પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૮૪ | ૪ જુન, ૨૦૨૨, શનિવાર; જયેષ્ઠ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશમાં ઈલાજ વધુ સસ્તા બનશે

**ડોકટરો મોંઘી દવા નહીં વેચી શકે : NMC લાલ આંખ કરવાની તૈયારી : NMCની આચાર સંહિતાના તાજેતરમાં બહાર પાડવામાં આવેલા ડ્રાફ્ટમાં કહેવામાં આવ્યું છે કે હવે ડોક્ટરો દર્દીઓને મોંઘીદાટ બ્રાન્ડેડ દવાઓ વેચી શકશે નહીં**



નવી દિલ્હી,તા.૩

નેશનલ મેડિકલ કમિશ દર્દીઓ પાસેથી મનફાવે તે રીતે પૈસા વસૂલતા આવા ડોકટરો સામે લાલ આંખ કરવાની તૈયારી કરી છે. NMCની આચાર સંહિતાના તાજેતરમાં બહાર પાડવામાં આવેલા ડ્રાફ્ટમાં કહેવામાં આવ્યું છે કે હવે ડોક્ટરો દર્દીઓને મોંઘી બ્રાન્ડેડ દવાઓ વેચી શકશે નહીં. જો કે, ડોકટરોને તેમના દર્દીઓ માટે દવાઓ વેચવા માટે પ્રતિબંધિત કરવામાં આવશે નહીં. નેશનલ મેડિકલ કમિશન અનુસાર, ડોકટરો હવે ખુલ્લી દુકાનો ચલાવી શકશે નહીં કે તબીબી સાધનો વેચી શકશે નહીં. જણાવી દઈએ કે નવી જોગવાઈમાં ડૉક્ટરો તેમના દર્દીને એ જ દવા વેચી શકે છે, જેની તેઓ પોતે સારવાર કરી રહ્યા છે. આ સાથે ડોકટરોએ એ પણ ધ્યાન રખવાનું રહેશે કે દર્દીઓનું શોષણ ન થાય. નેશનલ મેડિકલ કમિશને ડોકટરો માટે વ્યાવસાયિક આચાર સંહિતામાં ફેરફાર કરતી વખતે ઘણી જોગવાઈઓ કરી છે. NMCની આ જોગવાઈ બાદ નાના શહેરોના દર્દીઓને મહત્તમ લાભ મળશે. કારણ કે, એવું જોવા મળ્યું છે કે નાના શહેરોમાં દવાખાના ચલાવતા ડોકટરો

● અનુસંધાન પાન-૭ પર

## મુકેશ અંબાણી એશિયાના સૌથી ધનિક, અદાણી બીજા ક્રમ ઉપર

**અહેવાલ પ્રમાણે મુકેશ અંબાણીની નેટવર્થ ૯૯.૭ અબજ ડોલર છે જ્યારે ગૌતમ અદાણીની ૯૮.૭ અબજ ડોલર**

મુંબઈ, તા.૩

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં આવેલા ઉછાળા અને અદાણી જૂથના શેરોમાં થયેલા ઘટાડાના કારણે એશિયાના સૌથી મોટા અબજપતિઓના સ્થાન અદલાબદલી થઈ ગયા છે. મુકેશ અંબાણી હવે સમગ્ર એશિયામાં સૌથી ધનિક ઉદ્યોગપતિ છે જ્યારે ગૌતમ અદાણી બીજા ક્રમે આવી ગયા છે.



રિલાયન્સના શેરમાં છેલ્લા બે અઠવાડિયામાં ૧૪ ટકાનો વધારો થયો છે જ્યારે અદાણી જૂથના શેરો ઘટ્યા છે. બ્લૂમબર્ગના અહેવાલ પ્રમાણે મુકેશ અંબાણીની નેટવર્થ ૯૯.૭ અબજ ડોલર છે જ્યારે ગૌતમ અદાણીની નેટવર્થ ૯૮.૭ અબજ ડોલર છે.

ફોર્બ્સ રિયલ ટાઈમ બિલિયનર્સ લિસ્ટ પ્રમાણે મુકેશ અંબાણી સમગ્ર વિશ્વમાં છઠ્ઠા ક્રમે છે. તેમની સંપત્તિ ૬.૨૧ ટકા અથવા ૬.૧ અબજ ડોલરનો વધારો થયો છે અને ૧૦૪.૩ અબજ ડોલર થઈ છે. દરમિયાન ગૌતમ અદાણીની સંપત્તિ ૦.૬૬ ટકા વધીને ૯૯.૯ અબજ ડોલર થઈ છે અને તેઓ સમગ્ર વિશ્વમાં નવમા ક્રમે છે.

ગૌતમ અદાણીએ પોતાનું સ્થાન ગુમાવ્યું છે પરંતુ છેલ્લા બે વર્ષથી તેમની નેટવર્થ સતત વધતી જાય છે. હાલમાં અદાણી જૂથ તેના એફએમસીજી બિઝનેસને વધારે શક્તિશાળી બનાવવા પર ધ્યાન આપી રહ્યું છે.

## મંકી પોક્સ વિશ્વના ૩૦ દેશમાં ફેલાયો

**વિશ્વમાં ૫૫૦થી વધારે કેસ નોંધાયા : વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને માહિતી આપી : પશ્ચિમી અને મધ્ય આફ્રિકાથી શરૂ થયેલો મંકીપોક્સનો ખતરો હવે બહાર સુધી ફેલાઈ ગયો, હાલ યુરોપ પણ મંકીપોક્સના ખતરાનું કેન્દ્ર બન્યું**

લંડન, તા.૩

મંકીપૉક્સના સંક્રમણ વિશે વાત કરતા ડબલ્યુએચઓએ જણાવ્યું કે મંકીપૉક્સ લગભગ ૩૦ દેશોમાં ફેલાઈ ગયો છે અને ૫૫૦ કરતા પણ વધારે કેસ નોંધાયા હોવાનું જાણવા મળે છે. હવે એવું કહેવું થોડું મુશ્કેલ હશે કે મંકીપૉક્સ વાયરસ પર નિયંત્રણ મેળવી શકાય છે કે નહીં? ડબલ્યુએચઓના અધિકારીઓએ અગાઉ કહ્યું હતું કે મંકીપૉક્સ વાયરસ પર નિયંત્રણ મેળવી શકાય છે અને તે ફેલાતો રોકી પણ શકાય છે. ડબલ્યુએચઓના યુરોપ કાર્યાલયના પ્રમુખના જણાવ્યા મુજબ, અમને હજુ સુધી એ વાતની જાણ નથી કે શું મંકીપૉક્સ ફેલાતો સંપૂર્ણ રીતે અટકાવી શકાય કે નહીં? સ્વાસ્થ્ય અધિકારીઓએ મંકીપૉક્સના ખતરાને ઓછો કરવા માટે મહત્વપૂર્ણ અને તાત્કાલિક કાર્યવાહી કરવાની જરૂર છે.

તેઓના જણાવ્યા અનુસાર, પશ્ચિમી અને મધ્ય આફ્રિકાથી શરૂ થયેલો મંકીપૉક્સનો ખતરો હવે બહાર સુધી ફેલાઈ ગયો છે. હાલ યુરોપ પણ મંકીપૉક્સના ખતરાનું કેન્દ્ર બન્યું છે. મંકીપૉક્સની શું સ્થિતિ

● અનુસંધાન પાન-૭ પર

## કેન્દ્રીય કર્મચારીઓનું જુલાઈમાં ૪ ટકા ડીએ વધવાની શક્યતા

નવી દિલ્હી, તા.૩

સાતમાં પગાર પંચમાં સરકારી કર્મચારીઓને ઘણા લાભ મળ્યા છે. સાતમાં પગાર પંચ અનુસાર ડીએને વર્ષમાં બે વખત વધારવામાં આવે છે.

પહેલી વખત મોંઘવારી ભથ્થાને જાન્યુઆરીમાં વધારવામાં આવે છે અને બીજો સુધારો જુલાઈમાં થાય છે. ત્યારે કેન્દ્ર સરકાર તેમના લાખો કર્મચારીઓને વધુ એક ભેટ આપી શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર કેન્દ્ર સરકાર જુલાઈમાં ફરી એકવાર મોંધવારી ભથ્થું વધારી શકે છે. આ વખતે ડીએને ૪ ટકા વધારવામાં આવે તેવી અટકળો જોવા મળી રહી છે. જેના કારણે કેન્દ્ર સરકારના લગભગ ૫૦ લાખ કર્મચારીઓનો પગાર ફરી એકવાર વધી જશે. મળતી માહિતી અનુસાર, કેન્દ્ર સરકાર ૧ જુલાઈથી ડીએને ૪ ટકા વધારવાની જાહેરાત કરી શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે, સતત ૨ મહિના જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં એઆઈસીપીઆઈ ઈન્ડેક્સ ઘટ્યો, પરંતુ ત્યારબાદ માર્ચમાં ફરી તેજી જોવા મળી. જાન્યુઆરીમાં આ ઈન્ડેક્સ ઘટીને ૧૨૫.૧ પર આવી ગયો હતો. જ્યારે ફેબ્રુઆરીમાં વધુ ઘટાડા સાથે ૧૨૫ પોઈન્ટ થઈ ગયો હતો. જો કે, ત્યારબાદ માર્ચમાં આ એક ઝટકા સાથે ૧ પોઈન્ટ વધીને ૧૨૬ પર પહોંચી ગયો. આ કારણે ફરી એકવાર મોંધવારી ભથ્થામાં વધારો કરવામાં આવશે.

## કાશ્મીરમાં બે મજૂરો પર આતંકીઓ દ્વારા ફાયરિંગ : ભયનું વાતાવરણ

નવી દિલ્હી,તા.૩

કાશ્મીરમાં આતંકવાદીઓની કાયરતાપૂર્ણ પ્રવૃત્તિઓ સતત ચાલી રહી છે. આતંકવાદીઓ હિંદુ અને બિનકાશ્મીરીઓને નિશાન બનાવીને તેમની હત્યા કરી રહ્યા છે. બડગામના ચડુરાના મગરાયપુરામાં બે નોન-લોકલ મજૂરો પર ફાયરિંગ કરવામાં આવ્યું છે. બંનેને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાંથી એક મજૂરનું મોત થયું છે જ્યારે બીજા મજૂરની સારવાર ચાલી રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે બંને મજૂરો ઈંટના ભઠ્ઠા પર કામ કરનારા હતા. આ પહેલા ગુરૂવારે સવારે આતંકીઓએ કુલગામમાં એક બેંક મેનેજરની હત્યા કરી દીધી હતી. મધ્ય કાશ્મીરના બડગામના ચડૂરા સ્થિત મગરાયપુરામાં આતંકીઓએ બે નોન-લોકલ મજૂરો પર ફાયરિંગ કર્યું હતું. બંને મજૂરો ઈંટના ભઠ્ઠામાં કામ કરતા હતા. મજૂરો પર ફાયરિંગ કરીને આતંકીઓ નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત બંને મજૂરોને સ્થાનિક હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા હતા. બેમાંથી એક મજૂરની હાલત ગંભીર હતી જેનું સારવાર દરમિયાન મોત થયું હતું. કાશ્મીરમાં સતત થઈ રહેલા ટાર્ગેટ કિલિંગના કારણે ભયનું વાતાવરણ છે. સતત થઈ રહેલા હુમલાઓએ ત્યાં રહેતા હિંદુઓને ડરાવી દીધા છે. ગુરૂવારે સવારે જ કુલગામમાં એક બેંક મેનેજર વિજય કુમારની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. બે દિવસ પહેલા કુલગામમાં જ એક સ્કૂલ ટીચર રજની બાળાની હત્યા કરી દેવામાં આવી હતી. હિંદુઓ પર થઈ રહેલા સતત હુમલાના કારણે કાશ્મીરી પંડિતોમાં ભય ફેલાઈ ગયો છે.

**ટાર્ગેટ કિલિંગની વધુ એક ઘટના : જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ સતત ટાર્ગેટ કિલિંગ કરી રહ્યા છે, હિંદુઓમાં ભયનું વાતાવરણ**

## ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર ધામીનો પેટાચૂંટણીમાં વિજય

રાયપુર, તા.૩

દેવભૂમિ ઉત્તરાખંડથી મોટા સમાચાર આવ્યા છે. ચંપાવતની



બેઠક માટે યોજાયેલી પેટાચૂંટણીના પરિણામનો દિવસ છે. મતગણતરી પૂરી થઈ ગઈ અને સીએમ પુષ્કરસિંહ ધામીએ ઐતિહાસિક જીત મેળવી છે. આ જીત સાથે હવે પુષ્કરસિંહ ધામીની મુખ્યમંત્રીની ખુરશી પણ બચી ગઈ છે.

સીએમ પુષ્કર સિંહ ધામીએ ૫૮૨૫૮ મત મેળવીને ઐતિહાસિક જીત મેળવી. જ્યારે કોંગ્રેસના નિર્મલા ગહતોડીને માત્ર ૩૨૩૩ મત મળ્યા.પહેલીવાર એવું બન્યું કે અહીંથી કોંગ્રેસની ડિપોઝિટ જપ્ત થઈ ગઈ. અત્રે જણાવવાનું કે ભાજપ તરફથી સીએમ પુષ્કર સિંહ ધામી અને કોંગ્રેસ તરફથી નિર્મલા ગહતોડી ઉપરાંત આ મુકાબલામાં સપા ઉમેદવાર મનોજકુમાર તથા અપક્ષ ઉમેદવાર હિમાંશુ ગરકોટી પણ રેસમાં હતા.

અન્ય પાર્ટીઓને મળેલા મતો વિશે જોઈએ તો સમાજવાદી પાર્ટીના મનોજકુમાર ભટ્ટને ૪૦૯

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તરપ્રદેશમાં રોકાણનો વરસાદ

**વડાપ્રધાન મોદી-યોગીની હાજરીમાં યોજાયેલા જીબીસી ૩માં ૮૦ હજાર કરોડના રોકાણની દરખાસ્તો આવી : અદાણી ૭૦ હજાર કરોડ અને બિરલા ૪૦ હજાર કરોડ રોકશે**

નવી દિલ્હી, તા.૩

લખનૌમાં ઈન્દિરા ગાંધી પ્રતિષ્ઠાન ખાતે ગ્રાઉન્ડ બ્રેકિંગ



સેરેમની (જીબીસી) ૩ દરમિયાન, ગૌતમ અદાણી, કુમારમંગલમ બિરલા, નિરંજન હીરા નંદાણી સહિતના ઘણા ઉદ્યોગપતિઓ આવ્યા હતા, જેમાં તેમણે ઘણી મોટી મોટી જાહેરાતો પણ કરી હતી. તેઓ યુપીમાં વ્યાપકપણે રોકાણ કરી રહ્યા છે.

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ જાહેરાત કરી હતી કે, તેઓ આગામી સમયમાં યુપીમાં રૂ. ૭૦,૦૦૦ કરોડનું રોકાણ કરશે. એટલું જ નહીં, આ રોકાણથી લગભગ ૩૦,૦૦૦ લોકોને નોકરી મળશે.

ગૌતમ અદાણીએ કહ્યું કે, આ મારું સદ્ભાગ્ય છે કે, આજે મને બે મહાન નેતાઓ (પીએમ મોદી, સીએમ યોગી) સાથે મળવાની તક મળી, જેઓ ભારતને નવું ભારત બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે.

આ પછી આદિત્ય બિરલા ગ્રુપના ચેરમેન કુમાર મંગલમ બિરલાએ જાહેરાત કરી કે,અમે રાજ્યમાં ૪૦ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરી રહ્યા છીએ, જેમાં લગભગ ૩૫ હજાર લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગાર મળશે.

કુમાર મંગલમ બિરલાએ કહ્યું કે, આજે ઉત્તર પ્રદેશ રોકાણ માટેનું સૌથી મહત્વપૂર્ણ સ્થળ બની ગયું છે, નિવેશ મિત્રના માધ્યમ દ્વારા સિંગલ વિન્ડો સિસ્ટમના અમલીકરણથી રોકાણ માટે ઘણી મદદ મળી.

હિરાનંદાની ગ્રુપના એમડી નિરંજન હિરાનંદાનીએ જાહેરાત કરી કે, અમે અમારા ડેટા સેન્ટર માટે યુપીમાં દર વર્ષે એક હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરીશું. ઉત્તર પ્રદેશ બુલેટ ટ્રેનની ઝડપે આગળ વધી રહ્યું છે, બિઝનેસની ઝડપ ખૂબ જ ઝડપી છે. હું ૪૦ વર્ષથી કન્સ્ટ્રક્શ્નના ક્ષેત્રે છું, પરંતુ મેં આવો બદલાવ ક્યારેય જોયો નથી.

ફ્રાન્સના ઉદ્યોગપતિ મેથ્યુ એરિસે કહ્યું કે, અમે ઉત્તર પ્રદેશમાં ઓક્સિજન સપ્લાયનું અમારું પાંચમું યુનિટ સ્થાપિત કરી રહ્યા

છીએ, જેના માટે અમે ૩૫૦ કરોડ રૂપિયાનું રોકાણ કરી રહ્યા છીએ. અમે આ યુનિટને મથુરામાં સ્થાપિત કરીશું, અને તેને સમગ્ર ઉત્તર ભારતમાં સપ્લાય કરીશું. જે ૨૦૨૩ સુધીમાં પૂર્ણ થશે.

જીબીસી ૩માં ૮૦ હજાર કરોડના રોકાણની દરખાસ્તો આવી : ડેટા સેન્ટર સાતમાં રૂ. ૧૯,૯૨૮ કરોડના સાત, કૃષિ અને તેના સંલગ્ન ઉદ્યોગોના રૂ. ૧૧,૨૯૭ કરોડના ૨૭૫, આઈટી અને ઈલેક્ટ્રોનિક્સના ૭૮૭૬ કરોડના ૨૬, ઈન્ફ્રાસ્ટ્રક્ચરના રૂ. ૬૬૩૨ કરોડના ૧૩ પ્રોજેક્ટ્સ, મેન્યૂફેક્ચરીંગના ૬,૨૨૭ કરોડ રૂપિયાનાના ૨૭, હેન્ડલૂમ અને ટેક્સટાઈલના ૫૬૪૨ કરોડના ૪૬, પ્રવાસન અને હોસ્પિટલિના ૬૮૦ કરોડના ૨૩, ડેરીના ૪૮૯ કરોડના ૭, પશુપાલનના ૨૨૪ કરોડના ૬, ૧૦૦ કરોડના ખર્ચે ફિલ્મનો ૧ પ્રોજેક્ટ.

## પ્રિયંકા ગાંધી પણ કોરોના પોઝિટીવ

નવી દિલ્હી, તા.૩

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને કોરોનાનું સંક્રમણ થયા બાદ ગાંધી પરિવારના બીજા સદસ્યને પણ કોરોના થયો છે. કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી કોરોનાથી સંક્રમિત થયા છે. પ્રિયંકા ગાંધીએ ટ્વીટરના માધ્યમથી આ અંગેની જાહેરાત કરી હતી.

તેમણે લખ્યું હતું કે, હું કોરોના પોઝિટીવ છું, મને કોરોનાના હળવા લક્ષણો છે. મેં તમામ પ્રોટોકોલને ધ્યાનમાં રાખીને મારી જાતને ઘરમાં ક્વોરેન્ટાઈન કરી દીધી છે. પ્રિયંકા ગાંધી કાલે જ લખનૌથી દિલ્હી પરત ફર્યા હતા. તેઓ બે દિવસીય નવ સંકલ્પ ચિંતન શિબિર માટે લખનૌ ગયા હતા. દિલ્હી આવ્યા બાદ તેમણે કોરોના પોઝિટીવ હોવાની જાહેરાત કરી હતી.

School Staff (Females)

Primary Section : Subject teachers for Eng. (1 to 8), Comp. (1 to 8), Maths (1 to 4), Evs. (1 to 4)

Pre-Primary Section : Office Assistants......... (2), Teachers for Nursery... (2), Teachers for K.G.. ....... (2)

ડાન્સ ટીચરની જરૂર છે. - કામવાળા બહેનની પણ જરૂર છે.

Gandhi Education Trust, Gandhinagar

Ph. : 96240 11555 (From 10am to 6pm)

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ અને સમસ્ત રાજપૂત મહિલા સેવા ટ્રસ્ટ, ગાંધીનગર

આયોજીત

રાજપૂત સમાજના અપરિણિત દિકરા - દિકરીઓનો પરિચય મેળો અને પુસ્તિકાનું વિમોચન તારીખ ૫/૬/૨૦૨૨ને રવિવારે સવારે ૯-૦૦ કલાકે રાજપૂત સમાજ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજેલ છે. જેમાં નોંધાયેલ દિકરા - દિકરીઓ તથા વાલીશ્રીઓએ હાજર રહેવા વિનંતી.

| પ્રમુખશ્રી | મહામંત્રીશ્રી |
| --- | --- |
| શ્રી વિક્રમસિંહ એસ ગોલ | શ્રી પ્રદિપસિંહ પી. બિહોલા |
| શ્રી શંકરસિંહ આર. રાણા | શ્રી ભરતસિંહ બી. બિહોલા |
| શ્રીમતી બીનાબા એસ. રાણા | શ્રીમતી સંગીતાબા એચ. સોલંકી |